# રાજ્યના નવા સુકાની, નવી ટીમ સાથે



ગુજરાત રાજ્યના ૧૬મા મુખ્યમંત્રી તરીકે ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે વિજય રૂપાણીએ અને એમના નવા મંત્રીમંડળે રવિવારે સવારે પદ અને ગુપ્તતાના શપથ લીધા બાદ સમગ્ર ટીમે રાજ્યપાલસાથે ઊભા રહીને સમૂહ તસવીર માટે પોઝ આપ્યો હતો.

## મહેસાણાથી ઊંઝા સુધી પાટીદારોની પદયાત્રા

મહેસાણા, તા.૭

પાટીદાર સમુદાયના લોકો હજુ પણ ઉગ્ર આંદોલન કરવાના મૂડમાં દેખાઈ રહ્યા છે. આજે મહેસાણાથી ઊંઝા સુધીની પદયાત્રામાં મોટી સંખ્યામાં પાટીદારો જોડાતા નવી સરકારની પણ ઉંઘ હરામ થઈ ગઈ છે. આગામી દિવસોમાં પણ પાટીદાર સમુદાયના લોકો આક્રમક કાર્યક્રમ આપે તેવી શક્યતા છે. એકબાજુ છેલ્લી ઘડી સુધી નીતિન પટેલને મુખ્યમંત્રી બનાવવાની વાત હતી પરંતુ છેલ્લી ઘડીએ જ વિજય રૂપાણીને મુખ્યમંત્રી તરીકે પસંદ કરવામાં આવતા આને લઈને પણ પાટીદારો નાખુશ દેખાઈ રહ્યા છે. આ મુદ્દો પણ પાટીદારો ઉમેરીને આંદોલનને તીવ્ર બનાવે તેવા સંકેત છે. મહેસાણા તાલુકાના હજારો પાટીદારો રવિવારે સવારે ૮ કલાકે મોઢેરા રોડ પર નીલકંઠ મહાદેલ મંદિરે એકઠા થયા હતાં. જ્યાં રથમાં બિરાજમાન માતા ઉમા ખોડલની આરતી બાદ પદયાત્રાનો પ્રારંભ કર્યો હતો. પદયાત્રા મોઢેરા સર્કલે પહોંચતા અહીં સરદાર પટેલની પ્રતિમાને ફુલહાર કરીને પાટીદારોએ ઊંઝા તરફ પ્રયાણ કર્યું હતું. પાસના સતિષ પટેલે ગઈકાલે જણાવ્યું હતું કે, પદયાત્રા રાધનપુર સર્કલ થઈને નાનીદાઉં પાટિયે પહોંચશે બપોરે ભાદુ ગામમાં ભોજન લઈ ફરીથી પદયાત્રા ઊંઝા તરફ પ્રયાણ કરશે.



## કેન્દ્રીય કર્મચારીઓના લઘુત્તમ પેન્શનમાં ૧૫૭ ટકાનો વધારો

નવી દિલ્હી, તા. ૭

કેન્દ્ર સરકારના નિવૃત્ત કર્મચારી હવે પેન્શનના રુપે ઓછામાં ઓછા નવ હજાર રૂપિયા મેળવશે. સાતમાં વેતન પંચની ભલામણ બાદ વર્તમાન લઘુત્તમ પેન્શન રકમમાં ૧૫૭ ટકાનો વધારો થયો છે.

લોક ફરિયાદ, પેન્શન મંત્રાલય દ્વારા પંચની ભલામણો ઉપર મંજુરી માટેનું જાહેરનામુ જારી કરી દીધું છે. ગ્રેજ્યુએટીની મર્યાદા પણ ૧૦ લાખ રૂપિયાથી વધારીને ૨૦ લાખ રૂપિયા કરી દેવામાં આવી છે. હકીકતમાં પંચે ગ્રેજ્યુએટીની મર્યાદા ૨૫ ટકા વધારવાની સાથે સાથે મોંઘવારી ભથ્થામાં ૫૦ ટકાના વધારાની ભલામણ કરી હતી. સરકારે આ પ્રસ્તાવને લીલીઝંડી આપી દીધી છે. કેન્દ્ર સરકાર કુલ ૫૮ લાખ પૂર્વ કર્મચારીઓને પેન્શન આપી રહી છે. મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા ઓર્ડરમાં કહેવામાં આવ્યું છે કે, પેન્શનની રકમ ઓછામાં ઓછી ૯૦૦૦ રૂપિયા રહેશે અને મહત્તમ પેન્શન ૧૨૫૦૦૦ સુધીની રહેશે. કેન્દ્ર સરકારના કર્મચારીઓને પહેલી જાન્યુઆરી ૨૦૧૬થી મળનાર મહત્તમ પગાર ૨૫૦૦૦૦ રૂપિયાની અડધી રકમ સમાન છે. આદેશમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, રિટાયર્ડમેન્ટ ગ્રેજ્યુએટી અને ડેથ ગ્રેજ્યુએટીની મહત્તમ મર્યાદા ૨૦ રૂપિયા રહેશે. ગ્રેજ્યુએટીની વર્તમાન મહત્તમ મર્યાદામાં ૨૫ટકાનો વધારો કરાશે જ્યારે મોંઘવારી ભથ્થામાં મૂળ પગારના ૫૦ ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો છે.

## ૩૦ સપ્ટેમ્બર સુધી આધારકાર્ડનું સીડીંગ નહીં કરાવાય તો એલપીજી સબસીડીનો લાભ નહીં મળે

### જિલ્લા પૂરવઠા અધિકારી દ્વારા સ્પષ્ટ સૂચના અપાઈ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાવાસીઓને ભારત સરકારની એલપીજી સબસીડીનો લાભ લેવા માટે ગેસ એજન્સી અને બેંક સાથે આધારકાર્ડનું સીડીંગ કરાવવું ખૂબ જ જરૂરી છે. તા. ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૬ સુધી આમ ન કરનાર લાભાર્થીઓને એલપીજી સબસિડી નહિ મળે તેવું જિલ્લા પુરવઠા અધિકારી શ્રી નિશાબેન શર્માએ જણાવ્યું છે.

જિલ્લા પુરવઠા અધિકારીશ્રીએ વધુમાં જણાવ્યું છે કે ગુજરાત સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ ગાંધીનગર દ્વારા અપાયેલ સૂચના મુજબ હવે જે એલપીજી ગેસ લાભાર્થીઓએ તા. ૧ જુલાઈ ૨૦૧૬ સુધીમાં એલપીજી ગેસ એજન્સી અને બેંક સાથે આધારકાર્ડનું સીડીંગ કરાવેલ છે તેમનો જ ભારત સરકારની એલપીજી સબસીડીનો લાભ મળશે તેમજ તા. ૧ જુલાઈથી તા. ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૬ સુધીમાં જે એલપીજી ગેસ લાભાર્થી આધારકાર્ડ સાથે સીડીંગ કરાવશે તો તેમને એલપીજી સબસીડીના પાર્ક થયેલ રકમ પરત મળશે.

તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૬ બાદ આ એલપીજીની સબસીડીની પાર્ક થયેલ રકમ મળવાપાત્ર થશે નહિ.

જેથી ગાંધીનગર જિલ્લાના તમામ લાભાર્થીઓને એલપીજી સબસીડીનો લાભ ચાલુ રાખવા માટે તાત્કાલિક રીતે એલપીજી ગેસ એજન્સી અને બેંક સાથે આધારકાર્ડનું સીડીંગ કરાવવા પણ જણાવ્યું છે.

## 'અભિવ્યક્તિ'માં નૃત્યોની મનોહર પ્રસ્તુતિ







નગરનાં જાણીતા શાસ્ત્રીય નૃત્યાંગના ગાર્ગી પસારી અને શ્રી અરવિંદ કેન્દ્ર, ગાંધીનગરના ઉપક્રમે શનિવારે રાત્રે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે 'અભિવ્યક્તિ' નામે એક વિશિષ્ટ સ્ટેજ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની વિશેષતા એ હતી કે કાર્યક્રમ અંતર્ગત સઘળાં નૃત્યો કથ્થક આધારિત હતાં. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા, રાજ્યનાં જાણીતા કથ્થક ગુરુ ડૉ. અમીબેન ઉપાધ્યાય, અરવિંદ કેન્દ્ર, ગાંધીનગરના અગ્રણી સી જી પરીખ, મફતભાઈ વાઘેલા તથા ગાંધીનગરનાં જાણીતા કથ્થક ગુરુ કુમુદબેન ભટ્ટ ઉપસ્થિત રહ્યાં હતાં. આશાબેન સરવૈયાએ કાર્યક્રમમાં ઉદ્‌ઘોષક તરીકેની ભૂમિકા અદા કરી હતી.

### શપથવિધિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતો. આખરે વિજય રૂપાણી પર પસંદગી ઉતારી દેવામાં આવી હતી. અનેક અવરોધ વચ્ચે ભાજપના રાષ્ટ્રીય નેતા નીતિન ગડકરી, સરોજ પાંડે, વી સતિષ અને ડો. દિનેશ શર્મા વગેરે હાઈકમાન્ડના નિર્દેશથી પરિસ્થિતિનો ઉકેલ લાવ્યા હતા જેમાં છેલ્લી ઘડી સુધી જેમનું નામ મુખ્યમંત્રી તરીકે ચાલતુ હતું તેવા નીતિન પટેલના બદલે વિજય રૂપાણીને મુખ્યમંત્રી બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી જ્યારે નીતિન પટેલને નાયબ મુખ્યમંત્રી બનાવવાની જાહેરાત કરી તેમને સમજાવી લેવામાં આવ્યા હતા. આનંદીબેને રાજીનામુ આપી દીધા બાદ એકબાજુ આનંદીબેન પટેલે નિતિન પટેલને મુખ્યપ્રધાન બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જ્યારે અમિત શાહે રૂપાણીને આ જવાબદારી સોંપવા માટે ઈચ્છા વ્યક્ત કરી હતી.

### કાશી વિશ્વનાથ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સ્થળે સાબરમતીમાં સ્નાન કરવાથી ગંગાસ્નાનનું પુણ્ય પ્રાપ્ત થાય છે તેવું માનવામાં આવે છે. પૌરાણિક કથા અનુસાર પૂનાની પેશ્વા સરકારમાં કડીમાં મહારાજ મહલ્હાર રાવ નામે સુબેદાર રાજ કરતા હતા. તે વખતે રાજની ઘોડશાળામાંથી ઘોડાઓની ચોરી કરી નાસી છુટેલ ટોળીનો સૈનિકોએ પીછો કર્યો ત્યારે ચોરેએ બચવા માટે શિવાલયમાં આશરો લીધો હતો અને ત્યાં ધૂણી ધખાવીને બેઠેલા સંત પાસે બચવા આજીજી કરી હતી. સંતે ફરી ક્યારેય ચોરી નહી કરવાનું વચન લઈ તેમણે ચોરેલા લાલ અને કાળા ઘોડા ધોળા કરી દીધા હતા. આ કારણે અગાઉ ઈન્દ્રેશ્વર મહાદેવ તરીકે ઓળખાતુ આ શિવાલય ધવલેશ્વર અને ધોળેશ્વર મહાદેવ તરીકે ખ્યાતિ પામ્યું હતું. વૈદિક ધર્મના પુરાણોમાં મહર્ષિ વેદવ્યાસ કૃત ૧૮ પુરાણોમાંના ઉત્તર ક્રિપાખંડના અધ્યાય ૧૫૧ અને સ્કન્દ પુરાણમાં ધર્મારણ્ય ખંડમાં ઈન્દ્રેશ્વર તરીકે જેનુ વર્ણન છે તેવો આ પવિત્ર શિવાલયમાં ખુદ ઈન્દ્રએ શિવલીંગની સ્થાપના કરી હતી. અહીં દ્રોપદીએ પણ પાંડવો સાથે ધવલેશ્વર મહાદેવની આરાધના કરી હતી.

ધોળેશ્વર મહાદેવ ખાતે પૂનમ, અમાસ, સૂર્ય-ચંદ્રગ્રહણ કે પછી સંક્રાંતિના દિવસે પિતૃશ્રાદ્ધ કરાય છે. જેનાથી પિતૃઓને બાર વર્ષની તૃપ્તિ પ્રાપ્ત થાય છે. અહીં શિવરાત્રિ, જન્માષ્ટમી, ગુરૂપૂર્ણિમા સહિત અનેક તહેવારો ધામધૂમથી ઉજવાય છે અને શ્રાવણ માસમાં અહીં ભક્તોનું ઘોડાપુર ઉમટે છે. શ્રાવણ માસના સોમવારે શ્રદ્ધાળુઓ ધોળેશ્વર મહાદેવના દર્શન પામી પૂજા-અર્ચન-અભિષેક થકી ધન્યતા અનુભવે છે.

## લોકસભામાં જીએસટી બિલ પર આજે ચર્ચા

### તમામ રાજકીય પક્ષોના સમર્થન બાદ બિલ પસાર થઈ જાય તેવી શક્યતા

નવી દિલ્હી, તા. ૭

મહત્વપૂર્ણ કર સુધારા સાથે સંબંધિત જીએસટી બિલ આવતીકાલે લોકસભામાં રજૂ કરવામાં આવનાર છે. તમામ રાજકીય પક્ષોએ સમર્થન આપી દીધા બાદ તેને આવતીકાલે પસાર પણ કરી દેવામાં આવે તેવી શક્યતા છે. વર્ષ ૧૯૯૧ બાદથી સૌથી મોટા આર્થિક સુધારા તરીકે આને ગણવામાં આવે છે. નીચલા ગૃહમાં જીએસટી બિલ રજૂ કરવામાં આવનાર છે. આ બિલ કાયદામાં ફેરવાઈ ગયા બાદ મોટાભાગના રાજ્યોમાં એક સમાન કરવેરા વ્યવસ્થા અથવા તો એક સમાન માર્કેટ સ્થાપિત થશે.

દેશમાં સૌથી મોટા સિંગલ માર્કેટની શરૂઆત થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે લોકસભામાં બિલના મુદ્દા ઉપર ચર્ચા દરમિયાન કોઈ નિવેદન કરે તેમ પણ માનવામાં આવે છે. ગયા વર્ષે લોકસભામાં પસાર કરી દેવામાં આવેલા આ બિલને હાલમાં જ રાજ્યસભા દ્વારા પસાર કરી દેવામાં આવ્યા બાદ આ બિલ હવે ફરી નીચલા ગૃહમાં જશે. કોંગ્રેસના નેતા જ્યોતિરાદિત્ય સિંધિયાએ કહ્યું છે કે, પાર્ટી જીએસટી બંધારણીયસુધારા બિલને ટેકો આપશે. આવતીકાલે ગૃહમાં ઉપસ્થિત રહેવા માટે તમામ સાંસદોને આદેશ કરવામાં આવી ચુક્યા છે.

ગૃહમાં આ બિલને પસાર કરવા આડે હવે કોઈ અડચણો દેખાઈ રહી નથી. જીએસટી બિલને વહેલી તકે અમલી બનાવવાની ઈચ્છા વ્યક્ત કરતા કેન્દ્રીયપ્રધાનોએ એનડીએસ શાસિત રાજ્યોના ઘણા મુખ્યમંત્રીઓ સાથે પણ વાત કરી છે. શક્ય તેટલી વહેલી તકે રાજ્યની વિધાનસભાઓમાં બંધારણીય સુધારા બિલને મંજુરી મળી જાય તેવા પ્રયાસ થઈ રહ્યા છે. મુખ્યમંત્રીઓ દ્વારા પણ ખાતરી આપવામાં આવી છે કે જો જરૂર પડશે તો તેઓ રાજ્ય વિધાનસભામાં બિલને પસાર કરવા માટે ખાસ સત્ર બોલાવશે. સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યાના ૩૦ દિવસની અંદર ઓછામાં ઓછા ૧૬ રાજ્યો દ્વારા જીએસટી બિલને મંજુરી મળે તે જરૂરી છે. છેલ્લા એક વર્ષથી જીએસટી બિલના મુદ્દે વિરોધ પક્ષ તરફથી જોરદાર આક્ષેપબાજી થયા બાદ સરકારે આખરે તમામ વિરોધ પક્ષોને મનાવી લેવામાં સફળતા મેળવી હતી. ઉપલા ગૃહમાં સર્વસંમતિ સાથે આ બિલને પસાર કરવામાં આવ્યું હતું. ત્રીજી ઓગસ્ટના દિવસે ગૃહમાં આ બિલ પસાર થઈ ગયું હતું. જીએસટી અમલી બની ગયા બાદ એક્સાઈઝ, સર્વિસ ટેક્સ, ઓક્ટ્રોય, અન્ય ઘણા કરવેરા સહિતના ટેક્સ દૂર થઈ જશે અને તેની જગ્યાએ એક જ કરવેરા વ્યવસ્થા અમલી બનશે.

### કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

પૂર્વ મંજુરી સીવાય રાજય સરકાર નક્કી કરે તે પ્રિમીયમની રકમ રાજય સરકારને ચુકવણી કર્યા સીવાય વેચાણ, બક્ષીસ, વિનિમય કે ગીરો, તબદીલીના વ્યવહારો કરી શકાય નહિ તેમજ તેવી તબદીલી માટે કરાર પણ કરી શકાય નહિ અને કલેકટરની પૂર્વ મંજુરી વિના આવી જમીનમાં તેમાં રહેલા હિતના ભાગલા પણ પાડી શકાય નહિ તેવી જમીનો નવી શરતની જમીનો તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ કેસની વિગતો તથા પુરાવાઓ ધ્યાને લઈ લાંબાસમયથી આવી તબદીલી થયેલ હોય તો તેમાં પ્રવર્તમાન જંત્રીની કિંમતનું પ્રિમીયમ લઈ આવી તબદીલી માન્ય ગણવી જોઈએ તેવો ગુજરાત હાઈકોર્ટે કલેકટરને સૂચના આપતો હુકમ કરેલ છે. ઉપરોકત ચુકાદાથી નવી શરતની જમીનો અંગે લાંબા સમય પહેલા કરવામાં આવેલ તબદીલી હાલમાં જો તબદીલી કરનાર પ્રિમીયમ ભરવા સમંત હોય તો જે તે સમયે થયેલ તબદીલી માન્ય ગણી સરકારે આવી જમીન તબદીલી કરાવનારના નામે, ખાતે કરવી જોઈએ. હજારો નવી શરતના કેસોમાં ઉપરોકત ચુકાદો લાગુ પાડવામાં આવતા કેટલીય નવી શરતની જમીનો તબદીલ કરનારના નામે, ખાતે થશે અને વિવાદોનો અંત આવતા સરકારને પણ જંત્રી મુજબની પ્રિમીયમની રકમ મળતા રેવન્યુનો લાભ થશે.

### ધારાસભ્યોનો સમાવેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે જેમાં સંતુલન જાળવવાના પ્રયાસો થયા છે. રૂપાણી મંત્રીમંડળમાં હવે પટેલ વર્ગના ત્રણ કેબિનેટ મંત્રી અને પાંચ રાજ્યમંત્રીઓ છે જ્યારે ઓબીસીમાંથી બે કેબિનેટ મંત્રી અને છ રાજ્યકક્ષાના મંત્રીઓ છે. એસટી, સિંધી, બ્રાહ્મણ અને ક્ષત્રિય સમુદાયને પણ પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે. ક્ષત્રિયમાં ત્રણ સભ્યો કેબિનેટમાં સામેલ છે જેમાં એક કેબિનેટ પ્રધાન અને બે રાજ્યકક્ષાના મંત્રીઓ છે.

## અરવલ્લી આર્ટ્‌સ અને કૉમર્સ્ કૉલેજ ખાતે વિદ્યાર્થી પરિષદની પ્રથમ સભા યોજાઈ

ખેડબ્રહ્મા, તા. ૬

અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત ડી.ડી. ઠાકર આર્ટસ અને કે. જે. પટેલ કોમર્સ કોલેજમાં મેરિટના આધારે વિદ્યાર્થી પરીષદ-૨૦૧૬-૧૭ની રચના કરવામાં આવી છે. તેની પ્રથમ સભા તા. ૩-૮-૨૦૧૬, બુધવારના રોજ આચાર્ય તથા વિદ્યાર્થી-પરિષદના કન્વીનર ડૉ. કે. એન. બ્લોચ અને ડૉ. એ. બી. બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ મળી હતી. તેમાં સર્વસંમતિથી પરિષદના સામાન્ય મંત્રી (જી.એસ.) તરીકે ખેર મનોજકુમાર ચંદુભાઈ (બી. કોમ. સેક્ટર-૫) અને વિદ્યાર્થિની પ્રતિનિધિ (એલ.આર.) તરીકે ચૌધરી જીનોશી એમ. (બી.એ.સેમ.૫)ની પસંદગી કરાઈ હતી.

## હિંમતનગરના સવગઢ પાસેથી ઝડપાયો
## અપહરણના ગુનામાં નાસતો ફરતો શખ્સ આખરે પકડાયો

હિંમતનગર, તા.૭

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર પોલીસ સ્ટેશનમાં ચાર વર્ષ અગાઉ અપહરણના ગુનામાં સંડોવાયેલા એક શખ્સને એલસીબીએ નાકાબંધી કરી શનિવારે સાંજે હિંમતનગરના સવગઢ પાસેથી ઝડપી લીધો હતો.

આ અંગે એલસીબીના પી.આઈ. તથા પી.એસ.આઈ. ડી.ડી.પરમારના જણાવાયા મુજબ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજી.નં.૧૫/૨૦૧૨ ઈપીકો ૩૬૬, ૪૯૭ મુજબ નાસતા ફરતા નરેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજુભા ચૌહાણ (મૂળ રહે.દેરોલ, તા.હિંમતનગર) ને શનિવારે સાંજે હિંમતનગરના સવગઢની સીમમાંથી ઝડપી લીધો હતો.

**Announcement of Name Change**

I have changed my name from Dharmarajsinh Ajitsinh Chavda to Dharamrajsinh Ajitsinh Chavda.

B-10, Pramukh Byngalows, Opp. Urjanagar-2, Randesan, Gandhinagar-382007